જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૫/૨૦૨૬, તા.૨૬/૧૦/૨૦૨૬

હું, અનુપમ સિંહ ગહલોત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ 'લોકતંત્ર બચાવો ભેડતંત્ર હટાવો' બાબતે એક પદયાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા VIP/VVIP વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ 'લોકતંત્ર બચાવો ભેડતંત્ર હટાવો' બાબતેની પદયાત્રાનુ આયોજન કરવામાં આવેલ છે. જે પદયાત્રાની શરૂઆત વ્યાસવાડી બસ સ્ટેન્ડથી શરૂ કરી પલક ત્રણ રસ્તા થઈ ડી-માર્ટ ચાર રસ્તા થી આર.ટી.ઓ. સર્કલ ખાતે સમાપ્ત થનાર છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે જુદા જુદા મહાનુભાવશ્રીઓ તથા ભાજપ પક્ષના કાર્યકર્તાઓ મળી અંદાજીત કુલ-૨૫,૦૦૦ જનસંખ્યા આ પદયાત્રામાં જોડાનાર છે. જેથી પદયાત્રા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જાળવવા સારુ નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
અખબારનગર સર્કલ થી પ્રબોધ રાવલ સર્કલ (આર.ટી.ઓ.) સુધીનો આવતો-જતો બન્ને તરફનો માર્ગ વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે.	❖ **અખબારનગર સર્કલથી સાબરમતી તથા ચાંદખેડા તરફ જનાર વાહન ચાલકો:** **૧)** અખબારનગર સર્કલથી ડાબી બાજુ વળી લાડલી શો-રૂમ (ICICI બેન્ક) કટથી ત્રીપદા સ્કુલ આગળથી શ્રીનાથ ચાર રસ્તા (ઉર્જા શકતી સર્કલ) થી સીધા સૌરભ સ્કુલ ત્રણ રસ્તાથી ડાબી બાજુ વળી અર્જુન બંગલોઝ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ન્યુ વિધાવિહાર સોસાયટીથી કર્મયોગ વૃદ્ધાશ્રમ ચાર રસ્તાથી ઉમંગ પાર્ક કો.ઓ.હા. સોસાયટી ત્રણ રસ્તાથી ડાબી બાજુ વળી રાણીપ પોલીસ સ્ટેશન ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી સાબરમતી સેન્ટ્રલ જેલ આગળથી સાબરમતી રેલ્વે સ્ટેશનથી સુભાષબ્રિજ સર્કલથી આર.ટી.ઓ. સર્કલ તરફ જઇ શકાશે. **૨)** અખબારનગર સર્કલ થી ભીમજીપુરા ચાર રસ્તાથી વાડજ સર્કલથી સ્મશાન ગૃહ કટ તરફ જઇ શકાશે. ❖ **આર.ટી.ઓ. સર્કલથી અખબારનગર તેમજ શાસ્ત્રીનગર તરફ જનાર વાહન ચાલકો:** **૧)** આર.ટી.ઓ. સર્કલથી સુભાષબ્રિજ સર્કલથી કલેક્ટર કચેરી આગળથી બત્રીસી ભવન આગળથી જમણી બાજુ વળી ડુંગરપુરાની ચાલી આગળથી સુર્યનગર સોસાયટી ત્રણ રસ્તાથી ડાબી બાજુ વળી સીધા નવા ગાંધીઆશ્રમ રોડ (હેરીટેજ રોડ) થી સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલથી ભીમજીપુરા ચાર રસતાથી અખબારનગર સર્કલ તરફ જઇ શકાશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

–: જાહેરનામાની અમલવારીની વિગત :–

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૭/૧૦/૨૦૨૬ ના કલાક ૧૫.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૨૬/૧૦/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૬/૧૦/૨૦૨૬
અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં–૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર–૧,સેકટર–૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. (E-mail : **gogpress-vad@gujarat.gov.in**)
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.